## જન્મદિને વધામણી



નવનીતલાલ કચરાલાલ ત્રિવેદી
મો. ૯૮૯૮૦ ૨૪૬૦૮



સત્યસિંહ યુવરાજસિંહ વાઘેલા
મો. ૯૪૨૬૮ ૬૮૨૯૩



ચિંતન ઠુમ્મર



શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૯૮૧૩૬૭૭



પાર્થ સખીયા



દેવ ખત્રી



નારણભાઈ એફ પટેલ
કોષાધ્યક્ષ
વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

## શ્રી સમસ્ત વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો ૨૭ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

શ્રી સમસ્ત વણકર સમાજ, વેજલપુર દ્વારા આગામી તા. ૨૭ જાન્યુઆરી ને રવિવારે સવારે ૧૦.૩૦ ક લાકે નરોત્તમ ઝવેરી હોલ, સંસ્કાર કેન્દ્ર પાસે, પાલડી, અમદાવાદ ખાતે વણકર સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પસંદગી મેળામાં ભાગ લેવા માટે સંસ્થાના પ્રતિનિધિ ત્રિભોવન વી મકવાણા, પ્લૉટ નં. ૭૧/૧, સૅક્ટર-૩ એ, ગાંધીનગર ખાતે જરૂરી માહિતી મોકલવા નિયત નમૂનાનું ફૉર્મ મેળવવા આ અંગેની એક અખબારી યાદીમાં ટ્રસ્ટના અગ્રણી ટી વી મકવાણા દ્વારા જણાવવામાં આવ્યું છે.









શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે બે દિવસીય સ્ટુડન્ટ ટૅલેન્ટ પ્રોગ્રામ 'યાહૂ-૨૦૧૬'ની શરૂઆત શનિવારે બપોરે ઉત્સાહજનક વાતાવરણમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડિરેક્ટર ડૉ. ડી ટી કાપડિયા ઉપસ્થિત રહ્યાં હતાં. કલાપ્રિય, કલાકાર વિદ્યાર્થીઓનાં પાંચ જૂથ બનાવીને એમાં સ્પર્ધાનું તત્ત્વ 'યાહૂ'માં રાખવામાં આવ્યું છે. પ્રત્યેક ટીમને ઍન્કરીંગ, ચોઈસ ઈવેન્ટ, કલ્ચરલ ડાન્સ, રૅટ્રો ડાન્સ એમ ચાર ઈવેન્ટ પ્રસ્તુત કરીને પરસ્પર સ્પર્ધા કરવાની છે, જેના આધારે પ્રથમ ત્રણ ક્રમે વિજેતા ગ્રૂપને ઈનામો એનાયત કરવામાં આવશે. પ્રથમ વિજેતા ગ્રૂપને રોટેટીંગ ટ્રૉફી એનાયત કરવામાં આવશે. શનિવારે આ પાંચેય ગ્રૂપે પોતાની કલાકૃતિઓ પ્રસ્તુત કરી ત્યારે આ તસવીરો લેવામાં આવી હતી.

## 'ગુજરાતી ભાષા માતા છે, સંસ્કૃતભાષા દાદી છે ને અંગ્રેજી ભાષા પાડોશમાં રહેતી સેવાભાવી મહિલા છે : ભાગ્યેશ જહા






ગાંધીનગર, તા. ૨૪

પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત તત્ત્વાવધાનમાં એક દિવસીય રાજ્યસ્તરીય સેમિનારનું આયોજન થયું. જેનો વિષય 'સંસ્કૃત સાહિત્ય કૃતિઓનું- અન્ય સાહિત્યમાં આલેખન' હતો. ઉદ્‌ઘાટન બેઠકમાં ગુજરાત સાહિત્ય અકાદમીના સચિવ ભાગ્યેશ જહાએ સંસ્કૃત ભાષાની શ્રેષ્ઠતા અને વૈશ્વિક સ્વીકૃતિ વિશે ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. સેમિનારના અતિથિઓને આવકાર પ્રિ. ડૉ. ઊર્મિલા ચૌધરીએ આપ્યો હતો. અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પદાધિકારી સેંધાભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી અને માધુભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. પ્રથમ બેઠકમાં આ. ડૉ.રશ્મિકાન્ત મેહતાએ 'એક ખોવાયેલા નાટકના રૂપાંતરો' વિશે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમ સંચાલન પ્રા.ડૉ.રાકેશ પટેલે કર્યું હતું. દ્વિતિય બેઠક આ. ડૉ.ગીતાબેન મેહતા, આચાર્યાશ્રી, બી.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદએ 'ગુજરાતી કવિની હસ્તપ્રતોના આધારે વેદાંતનું દર્શન' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

કાર્યક્રમ સંચાલન પ્રા. ભરતસિંહ રાવે કર્યું હતું. તૃતિય બેઠક પ્રા. ડૉ. મહેશ યાજ્ઞિક, અધ્યક્ષ, શિક્ષણ વિભાગ એમ.એડ., એસ.પી.યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર એ 'સંસ્કૃત સાહિત્યની વિશ્વ વ્યાપકતા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમ સંચાલન-પ્રા.ડૉ.નરેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. સમાપન બેઠક અને પ્રમાણપત્ર વિતરણમાં કાર્યક્રમમાં અતિથિ વિશેષ ડૉ. કેશુભાઈ દેસાઈએ 'સંસ્કૃત અને હું' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમ સંચાલન પ્રા.ડૉ.લીનાબેન સ્વાદિયા એ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારદર્શન પ્રા.ડૉ. મીનાબેન વ્યાસે કર્યું હતું. પ્રસ્તુત સેમિનારમાં અધ્યાપક મિત્રો અને તમામ વિદ્વત્‌જનોએ મોટી સંખ્યામાં શોધપત્ર રજુ કર્યા હતા. પરિસંવાદની વિશેષતા એ હતી કે કૉલેજની ૧૦૦ ઉપરાંત વિદ્યાર્થીનીઓએ અભ્યાસલેખ લખ્યા હતા. કોબા જૈન તીર્થના હેમંતજીના સહયોગથી જૈન દર્શન આધારિત પુસ્તક અને લેખન સામગ્રી સંદર્ભે પ્રદર્શની યોજાઈ હતી. સરકારી આયુર્વેદ હોસ્પીટલ, સેક્ટર ૨૨ દ્વારા જીવનશૈલી આધારિત માહિતીપ્રદ પ્રદર્શન પ્રસ્તુત કરાયું હતું. પરિસંવાદમાં જ્યોતિષાચાર્ય ઉદીત શર્માએ ભવિષ્ય કથન કર્યું હતું.







સનરાઈઝ ઈન્ટરનેશનલ પ્રિ સ્કૂલ, સૅક્ટર-૧ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતો ઉપરાંત વાલીઓ માટે પણ ફન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ, વાલીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું રમત કૌશલ પ્રદર્શિત કર્યું હતું અને રમતોનો આનંદ પણ ઉઠાવ્યો હતો. હેનિલ નિલેશ પ્રજાપતિ નામના વિદ્યાર્થીએ પોટેટો કલેક્શન અને દોડની સ્પર્ધામાં બે મેડલ પ્રાપ્ત કર્યા હતા અને ખુશખુશાલ મુદ્રામાં આ પોઝ આપ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## ફોરેન્સીક સાયકોલોજી ડે નિમિત્તે સામાજિક સશક્તિકરણ અને સામાજિક કંડીશનીંગ વિષય પર કાર્યશાળા



ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી, ઈન્સ્ટીટ્યુટ ઑફ બિહેવીયરલ સાઈન્સ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની કાર્યરત સંસ્થા ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ફોરેન્સીક સાયકોલોજી ડે-૨૦૧૬ નિમિત્તે સામાજિક સશક્તિકરણ અને સામાજિક કંડીશનીંગ વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા જીએસસીપીએસના ચેરમેન અને અધિક મુખ્ય સચિવ એમ એસ ગાંગુરે પોતાના વક્તવ્યમાં આ વિષય અંગેની જાગરૂકતા માત્ર ભારતમાં જ નહીં, વિશ્વના તમામ રાષ્ટ્રોમાં આવેલી છે, એમ જણાવ્યું હતું.

સામાજિક ન્યાય શબ્દ સમજાવતાં સમાજના નબળા વર્ગોના બંધારણમાં દર્શાવેલ હક્કો માટે સામાજિક ન્યાય સંબંધિત યોજના અમલીકરણ કરવા માટે છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કુલ વસતીના ૭૫ ટકાથી વધારે લોકોનું ધ્યાન રાખી રહેલ છે. બાળકો માટેની કામગીરીને પ્રોત્સાહન આપવામાં આવે, જાણકારી રાખવી અને તે જાણકારી સમાજમાં ઉપયોગી બને તે રીતે અમલીકરણ કરવું અનિવાર્ય છે, એમ તેમણે જણાવ્યું હતું.

આઈબીએસના ડિરેક્ટર અને પ્રૉફેસર મુકુંદને જણાવ્યું હતું કે ભારતભરના અલગ અલગ રાજ્યના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે ગુજરાતમાં આવ્યા છે, જે ફોરેન્સિક સાયકોલોજી વિષે અભ્યાસ કરી સમાજને ખૂબ ઉપયોગી બને છે. ડૉ. જીઍફએસયુના ડિરેક્ટર જનરલ જે ઍમ વ્યાસે જણાવ્યું હતું કે ગુનાની શોધખોળમાં મનોવિજ્ઞાન ખૂબ ઉપયોગી બને છે. નાગરિકોમાં પુનઃ ઉત્થાન, સામાજિક અને આર્થિક વિકાસ અંગેની બાબતો તેમજ વયજૂથ પ્રમાણે વ્યક્તિગત વ્યવસ્થાપન પર ભાર મૂક્યો હતો. બાળકોના સશક્તિકરણ માટે તેમજ જે બાળકો જન્મજાત ખોડ-ખાંપણ ધરાવે છે, તેમની ક્ષમતા પ્રમાણમાં ઓછી હોય છે તેથી તેમના વિકાસ માટે વિવિધ પ્રકારની સમજૂતી તેમણે આપી હતી.

ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારા બાળ અધિકાર વિશે સંક્ષિપ્તમાં સમજૂતી આપતાં જણાવ્યું હતું કે બાળકોને જે વિષયમાં રસ રૂચિ હોય તેમાં આગળ વધવા માટે પ્રેરત કરવા જોઈએ. રાજ્યમાં આવતાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે જાગૃતિ કાર્યક્રમો યોજવા તેમણે જણાવ્યું હતું.

સામાજિક સશક્તિકરણ અને સામાજિક કંડિશનીંગ કાર્યશાળાના સહભાગી થયેલા અધિકારીઓ, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, બાળ સંભાળ ગૃહ, શિશુ ગૃહ, ખાસ કિશોર પોલીસ યુનિટ તથા સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને આઈબીએસના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં સહભાગી બની આ કાર્યશાળાને સફળતા બક્ષી હતી.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૨.૧૫, ૩.૧૫,
૬.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ઍરલિફ્ટ
૨.૩૦, ૭.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
સવારે ૧૦.૦૦
વઝીર
રાત્રે ૧૦.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
રોમાંસ કોમ્પ્લીકેટેડ (ગુજ)
૧.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
સવારે ૧૦.૦૦, ૪.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૨.૧૫, ૭.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૪.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૧.૧૫
ઍરલિફ્ટ
રાત્રે ૯.૩૦

# તાલ સે તાલ મિલા... અદ્‌ભૂત આસનો સાથે યોગનૃત્ય

## લકુલીશ યોગ યુનિવર્સિટી અને યોગ ગુજરાતના રબરની જેમ વળી જતાં બાળકોએ હિન્દુસ્તાની ગૌરવ સમાન યોગ અને વિવિધ આસનો સંગીતના તાલે કરીને શાબાશી મેળવી : કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાનો યોગ નૃત્યનો નવો ખેલ પ્રેક્ષકોને રોમાંચિત કરી ગયો

ભારતનો વિશ્વ નામના અપાવનાર એટલે ૨૧ જૂનો યોજાયેલો યોગ દિવસ, વિશ્વભરમાં એકસાથે ભારતની પેટન્ટ સમાન અને આપણા ઋષિમુનિઓની અમૂલ ભેટ સમાન યોગ અને આસનો એક જ દિવસે ઉજવાય એ વિરલ ઘટના હતી... આ વાત આજે એટલા માટે યાદ આવી કે ભારતીય સંસ્કૃતિની ધરોહર એવા યોગ મહર્ષિ પતંજલિએ આપેલ અષ્ટાંગ યોગ પર આધારીત સંગીતના તાલે અને બિલકુલ મોલ્ડ અને ફોલ્ડ થઈ જતાં બાળકોના યોગ નૃત્યનો એક અદ્‌ભૂત કાર્યક્રમ યોજાઈ ગયો.

અમદાવાદ કાંકરિયા કાર્નિવલમાં જેમના યોગ નિદર્શનથી સૌ આફ્રિન પોકારી ગયા હતા એ પૈકી મોટાભાગના યોગીઓ આ કાર્યક્રમમાં હતા. વિવિધ ગીતોના તાલ યોગ, ફોર્મેશન અને આસનો બેમિસાલ રીતે રજૂ થયાં હતાં... જેમાં મુખ્ય આસનો હતાં પશ્ચિમોતાસન, ચક્રાસન, ધનુરાસન, ગર્ભાસન, નટરાજાસન, શિર્ષાસન, ભૂમાસન, ઉષ્ટ્રાસન, મત્સ્યાસન, સેતુકાસન, બકાસન, મયુરાસન. આ દરેક આસન જોવામાં ભલે અત્યંત સરળ લાગતાં હોય પણ એ સાધ્ય કરવાં ખરેખર અઘરાં હોય છે...

કલાગુર્જરીના કોષાધ્યક્ષ અશોક ત્રિવેદીએ કાર્યક્રમનું સંચાલન કરતાં પ્રમુખ ઍન પી પટેલે યોગ નિદર્શનના ખેલાડીઓ અને શ્રોતાઓનું શાબ્દિક સ્વાગત કર્યું, જ્યારે સૌરાષ્ટ્ર કચ્છ સમાજના નરેન્દ્ર મંડિરે કાર્યક્રમની રૂપરેખા આપી હતી... વિવિધ શહેર અને સ્કૂલ્સના યોગ નૃત્યનો કાર્યક્રમ આરંભાયો જેનું સંચાલન યોગમય બનેલાં ડૉ. આર જે જાડેજાએ સંભાળ્યું હતું...

રાધે રાધે બોલ જય કનૈયાલાલ કી... સાથે દિવ્ય પરમારની અમદાવાદની ટીમ આવી અને દુશ્મન કે છક્કે છુડા દે હમ ઈન્ડિયાવાલે... જેવાં ગીત સાથે સાચ્ચે જ અદ્‌ભૂત શરૂઆત કરાવી દીધી... લકુલીશ યોગ વિદ્યાલયની સ્થાપના ૧૯૭૬માં સ્વામિ કૃપાલ્વાનંદજીના હસ્તે થઈ હતી. આજે આ સંસ્થા ૪૦ વર્ષતી નિઃશુલ્ક શિબિરો યોગના પ્રચાર માટે કરે છે, રહેવા-જમવા-ભાડાની વ્યવસ્થાના ખર્ચા ભોગવીને પણ આ સંસ્થા યોગ વિદ્યાના પ્રચારનું કામ કરે છે.

યોગમાં ગોલ્ડ મેડલ મેળવી ચૂકેલા જહાન્વી મહેતાએ ક્રિષ્ના મનમોહના.. સાથે યોગ જમાવ્યું એમાંય એમણે એમના પગના તળિયાને માથા પર ટેકવી દેતાં પ્રેક્ષકો અચંબો પામી ગયાં હતાં... લીંબડી-જાંખણની કન્યાઓ સર્વે ભવન્તુ સુખીન... શાંતિ પાઠ સાથે યોગાસનો અને એના ફોર્મેશનો રચ્યા અને પછી શિવતાંડવ પર અદ્‌ભૂત આસનો સમજાવી પ્રેક્ષકોને સજ્જડ જકડી રાખ્યાં...

છેલ્લાં ૪૦ વર્ષમાં ૨૫૦થી વધુ યોગ નિદર્શનોનો દેશ-વિદેશમાં પાંચ લાખ લોકો લાભ લઈ ચૂક્યાં છે. ગાંધીનગરથી નજીક આવેલા કડીની

### મહેફિલ
સંજય થોરાત

કન્યા પૂજા પટેલ કે જે ચાર ગોલ્ડ મેડલ મેળવી ચૂકી છે, સરસ મજાના વ્હાઈટ કોશ્ચ્યૂમ અને ત્રિરંગા સ્કર્ટ સાથે અજીમોશાન શહેનશાહ... ગીત સાથે રીતસર છવાઈ ગઈ, એમાંય એણે માથા પર પલાંઠી મારીને પદ્માસન જમાવ્યું એ અને બાળ કૃષ્ણની મુદ્રા કાયમી સંભારણા સમાન બની ગઈ, આજના આ યોગનૃત્યનું કદાચ આ સૌથી શ્રેષ્ઠ સોલો પ્રેઝન્ટેશન બની રહ્યું...

લકુલીશ સંસ્થાના પ્રયત્નોથી યોગ સ્પર્ધાઓ ચાલુ થઈ, પછી તો યોગ એસોસિએશન ઑફ ગુજરાતની સ્થાપના થઈ અને યોગની પ્રવૃત્તિઓનો વેગ મળ્યો... ૧૯૯૧થી આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધા શરૂ થઈ જેમાં જે તે સમયના ચિફ કોચ જયરાજસિંહ સરવૈયા અને ત્યારના રમતગમત મંત્રી મહેન્દ્ર ત્રિવેદીનો સિંહફાળો હતો...

અત્યાર સુધી માત્ર છોકરીઓના જ નૃત્યો આવ્યાં પણ યોગ શિક્ષક નિમેષ ઝઘડિયાની સુરતની ટીમ ભાઈઓ સાથે આવી. એમણે ફોર્મેશન સાથે યોગ શબ્દની રચના કરી. શિવતાંડવ પર ૧૧ જણાએ મળીને પરફૅક્ટ ટાઈમિંગ સાથે પ્રસ્તુતિ કરી એને એના છેલ્લે ઓમ નમઃ શિવાયની ધૂન પર અત્યંત કપરાં આસનો કરીને પ્રેક્ષકોની દાદ મેળવી લીધી.. યોગ એ ૮થી ૮૦ વર્ષ સુધીના કોઈપણ આરામથી શીખી શકે છે. કોઈપણ રૂપિયા ચૂકવ્યા વગર કે કોઈ સાધન-સામગ્રી વગર શરીરની ચૂસ્તતા સાચવવા યોગ અકસીર ઉપાય છે... એ વાત સાથે રશ્મિ ખોડભાયા આવી કે જેણે હોંગકોંગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. યોગના અનન્ય ચાહક ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રશ્મિ સહિત આજે આવેલા અનેક યોગના સાધકોને નામથી ઓળખે છે, જેણે સુંદર પ્રસ્તુતિ કરી...

ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો... સાથે કાંબલિયા સ્કૂલ જૂનાગઢ ૧૨ દીકરીઓ સાથે આવી. યે દુનિયા ઈક દુલ્હન..., જય જય ગરવી ગુજરાત..., વંદન ગુજરાત તને વંદન... જેવાં ગીતો પર સતત એમનાં કરતબ બતાવતી રહી... વર્લ્ડ યોગમાં ગોલ્ડ, સિલ્વર, બ્રૉન્ઝ મેડલની ઝોળી ભરી લાવનારી આ બાળાઓ ગિરનાર ચઢાણ-ઉતરાણ સ્પર્ધા વખતે સ્પર્ધકોને અગવડ ન પડે એ માટે ગિરનારના દસ હજાર પગથિયાં જાતે સાફ કરે છે. આનાથી શ્રેષ્ઠ અને સમર્પિત સફાઈ અભિયાન કદાચ કોઈ નહીં કરતું હોય !!

એ પછી તો ગ્લાસના સપોર્ટથી પાવર યોગની પ્રસ્તુતિ સુરતના આઠ છોકરાઓ દ્વારા કરવામાં આવી અને તાલ સે તાલ મિલા... ગીત પર તેઓ તાલ મિલાવતા રહ્યા... ભાવનગર યોગ નૃત્યની દસ છોકરીઓ જયદેવ શ્રી ગણરાજ...ની આરતી અને મંત્ર પુષ્પાંજલી પર તેમજ મા તુજે સલામ... સાથે સતત શરીરને રબરની જેમ વાળીને અવનવી યોગ મુદ્રાઓ બતાવી ગઈ...

યોગની મહત્ત્વની એવી ષટ્‌ક્રિયા કે જેમાં ઉડ્ડીયાન બંધ, ત્રાટક, સૂત્ર નેતિ, જલનેતિ, ધૌતિ, વમનક્રિયા વગેરે શીરીર સાફ ક્રિયાનું નિદર્શન યોજાયું... યોગીતા-હેમાંગિનીએ નેતિ, રશ્મિએ જલનેતિ, બીજા યોગીએ કપાલભાતિ બતાવી... વર્લ્ડ ચૅમ્પિયન દિવ્યા પરમારે રોપ ઉપર યોગ બતાવ્યો, આજ મેં ઉપર આસમાં નીચે... જહાન્વી અને રશ્મિ યાદવે આશાએં... ગીત પર રોપ યોગનું નિદર્શન કર્યું...

આર્ટિસ્ટ પૅર... તલવાર... જેવી વૈવિધ્યસભર રજૂઆતો થતી રહી. ૭૮ વર્ષના સંચાલક ડૉ. જાડેજાએ મયૂરાસન કરી બતાવ્યું. પ્રગય હો, પુનિત હો... જેવી પવિત્ર ધૂન પર સૂરનમસ્કાર બતાવ્યા... માત્ર યોગ નૃત્ય પર આખો કાર્યક્રમ થાય ? પણ લગ્ન સિઝનની ભરમાર વચ્ચે જે સભ્યોએ આ કાર્યક્રમ ગુમાવ્યો એમણે ખરેખર અફસોસ કરવો પડે એવો કાર્યક્રમ હતો... મ્યુઝિક ટ્રૅક વાગવામાં થતી ટેકનીકલ ક્ષતિ, મોબાઈલ પરથી ગીતો વાગવામાં થયેલી અગવડ છતાં યોગ કરનારી બાળાઓનું ધૈર્ય અને એકસૂત્રતા એમનું માન વધારી ગયાં...

કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાનો આ અઘરો ખેલ આકર્ષક સાબિત થયો. લકુલીશ યોગ વિદ્યાલય, જાંખણ, લિંબડીના યોગાચાર્ય નિખિલદેવ અને મારાં સ્વર્ગસ્થ પિતા હેમચંદ્ર થોરાત મિત્રો હતાં અને ગુજરાતની યોગ શિબિરો સાથે કરેલી હતી... યોગ નૃત્ય ધન્યતા અને ગૌરવ અનુભવાય એવાં કાર્યક્રમમાં આપણા જ ગુજરાતના અઢળક મેડલ અને હુન્નર ધરાવતાં બાળકો જોઈ સ્વાભાવિક જ પોરસાઈ જવાય છે.



(તસવીર : કશ્યપ નિમાવત)